ઈસ્લામી સ્થાપત્ય અને નિર્માણ-કળા

ઈસ્લામી સ્થાપત્ય અને નિર્માણ-કળા જુદા-જુદા કાળમાંથી પસાર થઈ છે. ઈસ્લામના આરંભિક તબક્કામાં આ તે સાદગીનો નમૂનો હતો, પછી ધીમે-ધીમે આ કળાનો વિકાસ થયો, ત્યાં સુધી કે તે પરાકાષ્ઠાએ પહોંચી ગઈ. સ્થાપત્ય કળા કોઈપણ સંસ્કૃતિના મહત્ત્વના પરિદૃશ્યોમાંથી એક પરિદૃશ્ય હોય છે, કેમ કે આ એ દર્પણ છે, જેમાં કોમોની પ્રગતિ, રુચિ-અભિરુચિ અને દર્શનનું પ્રતિબિંબ હોય છે, તથા એ પણ નિશ્ચિત હકીકત છે કે સ્થાપત્ય-કળા કોઈપણ માનવ-સંસ્કૃતિના નિર્માણ અને વિકાસનું સાચું ચિત્ર પ્રસ્તુત કરે છે.

ઈસ્લામી સ્થાપત્યની શૈલી જુદા-જુદા પ્રકારની છે, જેમ કે મસ્જિદનું નિર્માણ, જે મુસલમાનોના નજીક સૌથી ભવ્ય સ્થાપત્ય છે, મહોલ્લાઓની રચના, ઘરોનું બાંધકામ અને મદ્રસાઓનું નિર્માણ વગેરે. મુસલમાનોને આ કૌશલ્યમાં પૂર્ણ નિપુણતા પ્રાપ્ત હતી, કેમ કે તેમને પૂર્વ સંસ્કૃતિની ઈમારતોનું જ્ઞાન હતું. વધુમાં, તેમણે પોતાના દીન (ધર્મ) અને આસ્થા અનુસાર તેને વધારે ઉન્નતિ બક્ષી, તે પછી એક વિશેષ ઈસ્લામી સ્વરૂપ દુનિયા સમક્ષ પ્રસ્તુત કર્યું.

અમે હવે પછીના પૃષ્ઠોમાં વિભિન્ન ઈસ્લામી કાળમાં ઈસ્લામી સ્થાપત્ય-કળાના કેટલાક ઉદાહરણો પ્રસ્તુત કરીશું, જેથી આપણને ખ્યાલ આવે કે મુસલમાનોએ સ્થાપત્ય-કળાના ઈસ્લામી સિદ્ધાંતોનું કેટલું ધ્યાન રાખ્યું છે.

નબી ﷺ અને ખિલાફત-કાળની સ્થાપત્ય-કળા :

મુસલમાનોએ નબી કરીમ ﷺ અને ખુલફાએ-રાશિદીનના કાળમાં ઈસ્લામી સ્થાપત્યના સિદ્ધાંતો અને નિયમોનું સંપૂર્ણપણે સંકલન કર્યું.

મસ્જિદે-નબવી : નબી કરીમ ﷺ એ મદીના મુનવ્વરામાં આ મસ્જિદનું નિર્માણ કર્યું. આ મસ્જિદ સાદગીનો ઉત્કૃષ્ટ નમૂનો હતી, કેમ કે સાદગીને ઈસ્લામી ભાવનાથી ઊંડો સંબંધ છે. આનું સ્વરૂપ ચોરસ આકારનું હતું. વચ્ચે ખુલ્લો ચોક હતો. જ્યારે કે તેના ચારે તરફ છત લગાવેલ હતી. કિબ્લા તરફની દીવાલ બીજી દીવાલોથી મોટી હતી. અહીં એ વાત નોંધપાત્ર છે કે મસ્જિદના વચ્ચે પ્રકાશ અને હવા માટે ખુલ્લો ચોક હતો.

નબવી કાળ પછી આ મસ્જિદને મોટી કરવામાં આવી. હઝરત ઉમર બિન ખત્તાબ رضي الله عنه એ મસ્જિદનું ક્ષેત્રફળ વધારી દીધું, જેના કારણે તમામ દીવાલોને ધ્વસ્ત કરી નાખવામાં આવી, જેને રસૂલુલ્લાહ ﷺ એ બનાવી હતી, સિવાય પૂર્વની દીવાલ, જે નબી કરીમ ﷺ ના ઘરથી અડીને હતી. આ પછી જુદા-જુદા કાળમાં તેને મોટી કરવામાં આવતી રહી. હાલનું વિસ્તરણ અને વધારો ફહદ બિન અબ્દુલ અઝીઝના કાળમાં થયો, જેના

www.uzairfalahi.com

હેઠળ હઝરત મુહમ્મદ ﷺ ના કાળના આખા મદીના શહેરને મસ્જિદનો ભાગ બનાવી લેવામાં આવ્યો. આ ભવ્ય વિસ્તરણ યોજનાના પરિણામે મસ્જિદ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો બની ગઈ.

મસ્જિદે અક્સા : હઝરત ઉમર ફારૂક رضي الله عنه ના શાસન-કાળમાં બૈતુલ-મકદિસને મુસલમાનોએ જીતી લીધું, તો હઝરત ઉમર رضي الله عنه એ શહેરથી રવાના થતી વખતે ‘સખરા’ અને ‘બુરાક’ બાંધવાની જગ્યાએ મસ્જિદના નિર્માણનો આદેશ કર્યો, જ્યાં તેમણે પોતાના સહપ્રવાસીઓ સહિત નમાઝ અદા કરી. આ કાળમાં ઘણા સહાબાએ ઇસ્લામના પ્રચાર અને દીનના પ્રસાર માટે બૈતુલ-મકદિસમાં વસી ગયા. ખલીફા અબ્દુલ મલિક બિન મરવાને મસ્જિદે-અક્સાનું નિર્માણ શરૂ કરાવડાવ્યું અને ખલીફા વલીદ બિન અબ્દુલ મલિકના કાળમાં તેનું નિર્માણ-કાર્ય પૂરું થયું અને તેને શણગારવામાં આવી અને તેનું સુશોભન કર્યું. અબ્બાસી ખલીફા અબૂ જા’ફર મન્સૂરે પણ આ મસ્જિદનું સમારકામ અને નવીનીકરણ કરાવડાવ્યું. પ્રથમ સલીબી યુદ્ધ (Crusade) પછી જ્યારે ખ્રિસ્તીઓનો બૈતુલ-મકદિસ પર કબજો થઈ ગયો, તો તેમણે મસ્જિદે-અક્સામાં ખૂબ ફેરફારો કરી નાખ્યા. તેમણે મસ્જિદમાં રહેવા માટે ઘણા ઓરડાઓ બનાવી લીધા અને તેનું નામ ‘મઅ્બદ-સુલૈમાન’ રાખ્યું. ઉપરાંત, વિભિન્ન ઇમારતોનો વધારો કર્યો, જે રહેવા માટે અને અનાજની કોઠીઓના રૂપમાં પ્રયુક્ત થતી હતી. તેમણે મસ્જિદના અંદર અને મસ્જિદની સાથે-સાથે ગિરજા (દેવળ) પણ બનાવી નાખ્યું. સુલતાન સલાહુદ્દીન ઐયૂબીએ ઈ. ૧૧૮૭માં બૈતુલ-મકદિસના વિજય પછી મસ્જિદે-અક્સાને ખ્રિસ્તીઓની તમામ નિશાનીઓથી પવિત્ર કરી નાખી અને મહેરાબ અને મસ્જિદનું ફરીથી નિર્માણ કર્યું.

મકાનો : જે રીતે રસૂલુલ્લાહ ﷺ અને ખુલફાએ-રાશિદીનના કાળમાં મસ્જિદો સાદગીનું પ્રતિક હતી, એ જ રીતે તેમના મકાનો પણ સાદા હતા. નબી કરીમ ﷺ ની પાસે નવ ઓરડાઓ હતા, જેમાં ચાર માટી અને ખજૂરની ડાળીઓથી બનેલા હતા અને બાકીના પાંચ ઓરડાઓ ઈંટોના બનેલા હતા. છતો ખૂબ નીચી હતી. હાથ સરળતાથી છતો સુધી પહોંચી જતો હતો. એવા જ સહાબા કિરામના પણ મકાનો હતા.

શહેર :

મુસલમાનોએ આ બંને કાળમાં ઘણા શહેરો વસાવ્યા. અમુક ઉદાહરણો નીચે દર્શાવેલ છે :

ફુસ્તાત શહેરનું નિર્માણ : હઝરત અમ્ર બિન આસ رضي الله عنه એ ખલીફા હઝરત ઉમર બિન ખત્તાબ رضي الله عنه ના આદેશથી મિસર (ઇજિપ્ત)માં આ શહેરનું નિર્માણ કર્યું. નાઈલ નદીના કિનારે તેના માટે ખૂબ જ સુંદર જગ્યાની પસંદગી કરવામાં આવી. શરૂઆતમાં કોઈ વિશેષ આયોજન વગર આ શહેર વસાવવામાં આવ્યું. મકાનો નાના હતા અને બારીઓ પણ નાની હતી, કેમ કે મુસલમાનોનો મૂળ ઉદ્દેશ્ય માત્ર રહેવાનો હતો. ઘરના વચ્ચે ખુલ્લો ચોક હતો, જેના કારણે પ્રકાશ અને હવા આવતા હતા. શરૂઆતમાં ઘર એક માળનું હતું, પછી હઝરત ઉમર બિન ખત્તાબ رضي الله عنه ના અંતિમ કાળમાં એકથી વધારે માળની ઇમારતો બનવા લાગી.

www.uzairfalahi.com

હાલ ફુસ્તાત શહેર કાહિરા (કેરો)ના ‘પ્રાચીન મિસર’ જિલ્લાનો ભાગ છે. અરબી ભાષામાં ફુસ્તાતનો અર્થ ‘તંબુ’ (પડાવ) થાય છે. આ શહેરનું નામ ફુસ્તાત એટલા માટે પડ્યું કે હઝરત અમ્ર બિન આસ ﷺ એ એ જ જગ્યાએ શહેરના નિર્માણનો ફેંસલો કર્યો, જ્યાં મુજાહિદોએ પડાવ કર્યો હતો અને હઝરત અમ્ર બિન આસ ﷺ નો તંબુ ઊભો કરવામાં આવ્યો હતો. આ જ કારણે આ શહેર ‘ફુસ્તાત’ કહેવાયું.

મસ્જિદ અમ્ર બિન આસ : આફ્રિકાના સમગ્ર પ્રદેશમાં સ્થાપવામાં આવેલ આ પહેલી મસ્જિદ છે. આ મસ્જિદ મિસરના ફુસ્તાત શહેરમાં મુસલમાનોએ મિસર જીતી લીધા પછી બનાવી હતી. આ મસ્જિદને ‘મસ્જિદે ફત્હ’, ‘મસ્જિદે-અકીક’ અને ‘તાજુલ જવામેઅ’ પણ કહે છે. જામેઅ અમ્ર બિન આસ નાઈલ નદીના પૂર્વ ભાગમાં સ્થિત છે.

આ મસ્જિદના પહેલા નિર્માણ વખતે તેનું બાંધકામ ૩૦x૫૦ ની જગ્યા પર થયેલું હતું. તેના છ દરવાજાઓ હતા. હિજરી ૫૩ (ઈ.૬૭૨) સુધી મસ્જિદ અમ્ર બિન આસ પોતાના શરૂઆતના બાંધકામ મુજબ રહી. હઝરત અમીર મુઆવિયા ﷺ ના આદેશથી મુસ્લિમા બિન મુખ્લિદ અન્સારીએ મસ્જિદ અમ્ર બિન આસમાં અઝાન આપવા માટે ચાર મિનારાઓનો વધારો કર્યો. તે પછી જુદા-જુદા કાળમાં તેમાં સુધારા-વધારા અને વિસ્તરણનું કામ થતું રહ્યું. આજે મસ્જિદ અમ્ર બિન આસનો પરિઘ ૧૧૦ મીટર લંબાઈ અને ૧૨૦ મીટર પહોળાઈમાં છે.

વર્ષ ૫૬૪ હિજરીમાં સલીબીઓ (ખ્રિસ્તીઓ)ના મુસ્લિમ દેશો પર હુમલાઓ પછી મંત્રી શાવરને ફુસ્તાત પર સલીબીઓના કબજાનું જોખમ લાગ્યું, તો તેણે સુરક્ષાની શક્તિ ન હોવાથી ફુસ્તાત શહેરમાં ઈરાદાપૂર્વક આગ લગાવી દીધી, જેના પરિણામે આખું ફુસ્તાત શહેર આગની જવાળાઓમાં લપેટાઈ ગયું, મસ્જિદ અમ્ર બિન આસ પણ આગનો ભોગ બની ગઈ.

જ્યારે સલાહુદ્દીન ઐયૂબીએ મિસરને પોતાના રાજ્યમાં સામેલ કર્યું, તો હિજરી ૫૬૮માં મસ્જિદ અમ્ર બિન આસના પુનઃ નિર્માણનો આદેશ કર્યો, તેથી મસ્જિદની સામેવાળા ભાગ અને મેહરાબે-કબીરનું પુનઃ બાંધકામ કર્યું. આમાં સંગેમરમરનો ઉપયોગ કરવામાં આવ્યો અને તેના પર વિભિન્ન નક્શ-નિગાર કરવામાં આવ્યા.

www.uzairfalahi.com